સે-૧૬માં ધડાકાભેર પાણીની ટાંકી તુટી

મોડી રાત્રે 'છ' ટાઈપના સરકારી આવાસમાં ધાબાની ટાંકી તુટી પડતા રહીશો બહાર દોડી આવ્યા

ભયજનક આવાસો ખતરારૂપ : ધરતીકંપની આશંકા વચ્ચે રહીશો ઉંઘમાંથી સફાળા જાગી ગયા!

ગાંધીનગર, તા.૨૬

શહેરના ખંડેર સરકારી આવાસોના લીધે રહીશો પર મોતનો ખતરો જંબુળી રહ્યો છે. આવાસોની છત સલામત રહી નથી ત્યારે ધાબા પર સ્થિત પાણીની ટાંકી પણ પડવાના વાંકે ઉભી હોય તેવી દયાજનક સ્થિતિ છે. સે-૧૬ના 'છ' ટાઈપના એક આવાસમાં ગઈ કાલે મોડી રાત્રે અચાનક ધડાકાભેર પાણીની ટાંકી તૂટી પડતા વસાહતીઓ ગભરાટના માર્યા ઉંઘમાંથી સફળા જાગી ગયા હતા. ધરતીકંપનો આંચકો આવ્યો હોવાનું માની રહીશો મકાનમાંથી બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ ધાબા પર સ્થિત ટાંકી તૂટી પડી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. નવાઈની વાત તો એ છે કે આટલી મોટી ઘટના બાદ સ્થાનિક સુવિધા કેન્દ્ર કે તંત્રના કોઈ અધિકારીઓ સ્થળ પર ફરકયા ન હતા. આ વિસ્તારમાં સ્થિત 'છ' કક્ષાના આવાસો અત્યંત ભયજનક હાલતમાં હોવાથી રહીશોના જીવ પડીકે બંધાયા છે. આમ છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી!

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો તદન કંગાળ હાલતમાં છે. આવાસોમાં માથા પરની છત, સાઈડની દીવાલો અને હવે ધાબા પર સ્થિત પાણની ટાંકીઓ ગમે ત્યારે મોતનો સામાન બનીને માથે પડે તેવી દહેશતના પગલે આમ નાગરિકોમાં ફફડાટ પ્રવર્ત્યો છે. સે-૧૬ના 'છ' ટાઈપ વિસ્તારમાં ગત મોડી રાત્રે બ્લોક નં. ૮૭/૫ ના ધાબે અચાનક ધડાકાભેર પાણીની ટાંકી તુટી પડતા રહીશો ભયભીત બની ગયા હતા. રાત્રિના સમયે ધડાકા સાથે બ્લોક ધણધણતા ધરતી કંપની આશંકા સાથે રહીશો બહાર દોડી આવ્યા હતા. ત્યારબાદ ધાબાની ટાંકી જમીનદોસ્ત થઈ હોવાનું સ્પષ્ટ થતા રહીશોના જીવ અધ્ધર થઈ ગયા હતા. આ બ્લોકમાં અન્ય એક દિવાલમાં પણ ભંગાણ થતા રહીશોની સલામતી જોખમાઈ છે. સેકટરમાં સ્થિત આસપાસના બ્લોકમાં પણ મોટી મસ તિરાડો વચ્ચે પોપડા ખરેલા જોવા મળી આવ્યા છે. આવા સંજોગોમાં મકાનો ગમે ત્યારે ભયજનક પુરવાર થાય તેવી દહેશત વચ્ચે આમ નાગિરકોની સલામતીનો મુદ્દો

રામભરોસે છે. આવાસના ધાબે ધડાકાભેર ટાંકી તુટી પડયા બાદ પણ

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગરના વરિષ્ઠ સ્વરકાર મુનિકુમાર દેસાઈનું નિધન

આકાશવાણી પર ગાંધીનગરને વર્ષો સુધી ગુંજતું અને ગાજતું રાખનાર મુનિકુમારની વિદાયથી નગરને સાંસ્કૃતિક જગતને ભારે ખોટ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના વરિષ્ઠ સંગીતજ્ઞ અને જાણીતા સ્વરકાર મુનિકુમાર દેસાઈના અવસાનથી ગાંધીનગરના સાંસ્કૃતિક ક્ષેત્રે ભારે ખોટ પડી છે. તેઓએ ગાયક અને સ્વરકાર તરીકે બાવન વર્ષ સુધી આકાશવાણીના વિવિધ કેન્દ્રો પરથી સેવા આપી છે જે વિરલ અને અદ્વિતિય સિધ્ધિ છે.

મુનિકુમાર બી. દેસાઈના અવસાનથી ગાંધીનગરને મોટી ખોટ પડી છે. ઝવેરચંદ મેઘાણી, ઉમાશંકર જોષી, રમેશ પારેખ જેવા જાણીતા ગુજરાતી કવિઓની રચનાઓના સુરીલા સ્વરકાર અને કર્ણપ્રિય સ્વર રચનાઓના રચયિતા તરીકે મુનિકુમાર દેસાઈનું નામ સદાય સંગીત જગતમાં ગુંજતું રહેશે. અમદાવાદ અને તે પછી ગાંધીનગરમાં સંગીતની વિવિધ પ્રવૃત્તિઓ સાથે જોડાનાર મુનિકુમાર દેસાઈને ચિત્રલોક સિને સર્કલ આયોજિત 'હળવું કંઠય' સંગીત સ્પર્ધામાં વિજયી બન્યા બાદ સ્વર કિન્નરી લતા મંગેશકરના હસ્તે પારિતોષિક પ્રાપ્ત થયું તે તેમની કારકીર્દીની યશકલગી સમાન ઘટના છે.

તેઓએ ગાયક અને સ્વરકાર તરીકે બાવન વર્ષ સુધી અમદાવાદ, રાજકોટ, વડોદરા, ભૂજ અને મુંબઈના રેડીયો સ્ટેશન પર અવિરત સેવા આપી હતી. ગાંધીનગરની જાણીતી સંસ્થા અવસર કલા મંદિર દ્વારા સંગીત ક્ષેત્રે અવિરત સેવાઓ આપવા બદલ વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું. તેમના અવસાનથી પરિવાર અને સમગ્ર સંગીત જગતમાં ગમગીની ફેલાઈ છે.

સચિવાલયમાં પાંખી હાજરીથી મીની વેકેશન જેવો માહોલ

ગાંધીનગર, તા.૨૬

સચિવાલયમાં નાતાલ પર્વને કારણે મીની વેકેશન જેવો માહોલ સર્જાયો છે. ડીસેમ્બર મહિનાને કારણે મોટા ભાગના અધિકારીઓ રજા પર હોઈ સચિવાલયના વિભાગમાં કર્મચારીઓની પાંખી હાજરી જોવા મળી રહી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગઈ કાલે ૨૫મી ડીસેમ્બરે નાતાલ પર્વની જાહેર રજા હતી જયારે ૨ ડીસેમ્બર અને ૨૯ ડીસેમ્બરના રોજ શનિ-રવિવારની જાહેર રજા આવે છે.

વચ્ચેના બે દિવસ દરમિયાન ૨૬મી ડીસેમ્બરે મરજીયાત રજાનો અને ૨૭મીએસી.એલ.નો લાભ લઈ સળંગ પાંચ દિવસની રજાનો લાભ મળતો હોઈ મોટા ભાગના કર્મચારીઓ અધિકારીઓએ આ રજાનો લાભ લઈ રજા પર નાતાલ પર્વ ઉજવવા જતાં સચિવાલયનાં વિવિધ વિભાગોમાં કર્મચારીઓ-અધિકારીઓની પાંખી હાજરી જોવા મળી રહી હતી.

સચિવાલયના વિભાગોમાં કેટલીક શાખાઓ તો સંપૂર્ણ ખાલીખમ ભાસતી હતી તો કેટલીક શાખાઓમાં એક બે કર્મચારીઓ જ નજરે પડતા હતાં. મોટા ભાગના વિભાગોમાં કર્મચારીઓ અધિકારીઓની પાંખી હાજરીના કારણે સચિવાલયમાં નાતાલ પર્વના વેકેશન જવો માહોલ જોવા મળ્યો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ મુખ્યમંત્રી પણ કેટલાક કાર્યક્રમોમાં વ્યસ્ત હોવાને કારણે આ સપ્તાહમાં રાજયમંત્રી મંડળની બેઠક પણ મુલત્વી રાખવામાં આવી હતી.

મોટેરા આશ્રમમાં સર્ચ ઓપરેશનના મામલે સુરતના ડી.સી.પી. સામે કોર્ટમાં ફરિયાદ

આસારામના મોટેરા આશ્રમના સાધકે કોર્ટ રાહે ફરિયાદ કરી ન્યાય માટે રજૂઆત

ગાંધીનગર, તા.૨૬

નારાયણ સાંઈ સામે થયેલી પોલીસ ફરિયાદના પગલે ચુસ્ત પોલીસે આસારામના મોટેરા આશ્રમમાં હાથ ધરલા સર્ચ ઓપરેશનના મામલે આસારામના સાધકે સુરતના ડી.સી.પી. શોભા ભૂતડા સહીતના પોલીસ સ્ટાફ સામે ગાંધીનગર કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. સર્ચ વોરંટ બતાવ્યા વિના પોલીસે ગેરકાયદેસર રીતે ઓપરેશન હાથ ધર્યું હોવાનો ઉલ્લેખ પણ ફરિયાદમાં કરાયો છે.

આસારામના સાધક ગોકુલભાઈ રમણભાઈ દેસાઈએ ગાંધીનગરમાં કોર્ટમાં રજુ કરેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૧ નવેમ્બરના રોજ સુરત પોલીસનો કાફલો ૬ થી ૭ ગાડીઓમાં મોટેરા આશ્રમ પહોંચ્યો હતો. આસારામ આશ્રમને વહેલી સવારે ચુસ્ત પોલીસ કોર્ડન

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- કલેકટર કચેરીમાં બપોરના સુમારે આજે બીજે માળ પર કુતરાઓની ફોજ આરામથી ફરતી જણાઈ હતી અને તેણે વિવિધ અધિકારીઓની ચેમ્બરમાં ઘુસ પણ મારી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં પક્ષાંતર ભંગના કેસમાં આજે વધુ એક મુદત વડી અદાલતમાં પડી છે.
- ગાંધીનગરના જાણીતા ઉદ્યોગપતિ શ્રી કમલકિશોર જૈને આજે તેમનો જન્મદિવસ અત્યંત સાદગીથી ઉજવ્યો હતો.
- સ્કુલ ઓફ એકટીંગના જુનિયર કલાકારોના પરફોર્મન્સ ડે ની ઉજવણી આગામી ૨૯મી ડિસેમ્બરના રોજ સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે સવારે ૧૦ થી ૧૩ દરમિયાન થનાર છે.
- ગાંધીનગર જિલ્લાના એક સરપંચ અને એક ઉપસરપંચ સાથે થયેલ પોલીસ ફરિયાદોને પગલે હોદ્દા પરથી દૂર કેમના કરવા તે અંગે પંચાયત અધિનિયમની જોગવાઈઓને આધિન નોટીસ અપાઈ છે.

આસારામની પત્ની-પુત્રીના પોલીસ રીમાન્ડ અંગે આજે કોર્ટમાં સુનાવણી

ગાંધીનગર, તા.૨૬

બળાત્કાર કેસમાં સંડોવાયેલા આસારામને માદદરૂપ થનાર પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતીના રીમાન્ડ સંદર્ભે આજે ગાંધીનગર કોર્ટમાં હીયરીંગ હાથ ધરાશે. સુરતની યુવતિના યૌનશોષણ કેસમાં આસારામ હાલ જેલમાં છે જયારે આ ગુન્હા અન્વયે જામીન પર મુકત થયા અગાઉ આસારામે પોતાના વકીલ મારફતે ગાંધીનગર કોર્ટ સમક્ષ રજૂ કરેલી જામીન અરજી ખારીજ કરવામાં આવી હતી જયારે આસારામના કેસમાં અન્ય રીતે મદદગારીમાં તેમના પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતી પણ સંડોવાયેલા હોવાની ફરિયાદ પ્રકાશમાં આવ્યા બાદ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આસારામના પત્ની લક્ષ્મી અને પુત્રી ભારતીના રીમાન્ડ માટે પોલીસે કોર્ટ સમક્ષ અરજી રજૂ કરી છે. સરકાર તરફે રજુ કરાયેલી પોલીસ રીમાન્ડની અરજી સંદર્ભે ગાંધીનગરની સેકન્ડ એસ.ડી. જજ બી.એ. બુધ્ધની કોર્ટમાં આજે હીયરીંગની પ્રક્રિયા હાથ ધરાશે.

કોંગ્રેસે સૌરાષ્ટ્ર-કચ્છની લોકસભા બેઠકો માટે ઉમેદવારોની પસંદગી કવાયત આરંભી

અમદાવાદ, તા.૨૬

ગુજરાત કોંગ્રેસ દ્વારા આજે લોકસભાની ૬ બેઠકો માટે સંભવીત ઉમેદવારોની પસંદગી અંગેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જો કે સંભવીત ઉમેદવારોના નામો અંગે કોઈ ચર્ચા કરાઈ ન હોવાનું જાણવા મળે છે.

આગામી લોકસભા ચુંટણી આડે હવે ગણતરીના જ મહીનાઓ બાકી રહ્યા છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો દ્વારા સંભવીત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાઓ હાથ ધરી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા ૨૬ લોકસભા બેઠકો ના સંભવીત ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા આરંભી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પ્રદેશ કોંગ્રેસના નેતાઓની આજે ૬ લોકસભા બેઠકોના જિલ્લા નિરીક્ષકો અને જિલ્લા આગેવાનો સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં અમદાવાદની બે લોકસભા બેઠક કચ્છ, જામનગર સહીત અન્ય બેઠકો માટે કયા ઉમેદવાર નક્કી કરવા એ અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આ બેઠકમાં સંભવિત ઉમેદવારના નામો અંગે હાલ કોઈ ચર્ચા કરાઈ નથી. પરંતુ આ ૬ લોકસભા બેઠકો પર સ્થાનિક રાજકીય પરિસ્થિતિનું છે. સામાજીક સમીકરણો શું છે. ભાજપમાંથી આ બેઠક પર કોણ ઉમેદવાર હોઈ શકે છે. આ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ રીતે તમામ ૨૬ લોકસભા બેઠકોની સમીક્ષા પૂર્ણ કરવામાં આવ્યા બાદ પુનઃ બેઠકોનો દોર લોકસભા બેઠક દીઠ શરુ કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

ગુજરાત સરકારની 'ઉમ્મીદ યોજના અંતર્ગત

ગાંધીનગર મહાનગરપાલિકા અને પરિવર્તન સંસ્થા સંયુક્ત સહકાર દ્વારા આયોજીત તાલીમ કાર્યક્રમથી **નોકરી મેળવવાની ઉજ્જવળ તક.**

તાલીમ કાર્યક્રમ અને વિષયો

૧.	આઈ.ટી.ઈ.એસ.	: ડી.ટી.પી. અને ઈન્ટરનેટ
૨.	ટેલી	: એકાઉન્ટને લગતી તાલીમ (ધોરણ-૧૧ પાસ)
૩.	કોમ્પ્યુટર	: કોમ્પ્યુટર હાર્ડવેર
૪.	બ્યુટી કોર્ષ	: શૃંગારને લગતી તાલીમ
૫.	ઈંગ્લીશ	: સ્પોકન ઈંગ્લીશ
૬.	મોબાઈલ	: મોબાઈલ રીપેરીંગ
૭.	બી.એસ.પી.એ.	: નર્સિંગને લગતી તાલીમ (નર્સિંગ આસીસ્ટન્ટ)
૮.	સી.આર.એસ.	: શોપીંગ મોલ, શોરૂમ, કસ્ટમર સર્વિસને લગતી તાલીમ
૯.	બી.પી.ઓ	: કોલ સેન્ટરને લગતી તાલીમ
૧૦.	હોસ્પિટાલિટી	: હોટલ મેનેજમેન્ટ - હોટલને લગતી તાલીમ
૧૧.	સી.સી.સી.	: કોમ્પ્યુટર કન્સેપ્ટ કોર્ષ
૧૨.	ફોટોગ્રાફી	: ફોટોગ્રાફને લગતો કોર્ષ
૧૩.	મોબાઈલ રીપેરીંગ	:
૧૪.	ડાયમેડ પોલીસીંગ	:

(સફળ તાલીમના અંતે ગુજરાત સરકાર દ્વારા પ્રમાણપત્ર આપવામાં આવે છે.)

(૩ મહિનાનો કોર્ષ) **ફક્ત ૫૦૦ રૂા. ૩ મહિનાની**

(કોમ્પ્યુર (M.S. Office) વિના મૂલ્યે શિખવાડવામાં આવશે.)

લાયકાત : (૧) ૧૮ થી ૩૫ વર્ષ ઉંમરના યુવક / યુવતી (૨) ઓછામાં ઓછુ ધો.૫ પાસ

જરૂરી પુરાવા : (૧) છેલ્લી માર્કશીટની ઝેરોક્ષ (૨) રેખન કાર્ડ / લાઈટ બીલ (૩) આવકનો દાખલો (૪) ટેક્ષ બીલ (૫) ત્રણ પાસપોર્ટ સાઈઝના ફોટા (૬) લીવીંગ સર્ટી / મતદાર યાદી કાર્ડ

ઉમ્મીદ કેન્દ્ર ગાંધીનગર : (૧) બ્લોક નં. ૨૯/૪, 'ચ' ટાઈપ, પોસ્ટ ઓફિસની પાસે, સેક્ટર-૭/ડી, ગાંધીનગર ફોન નં. : ૨૩૨૪૭૧૦૨, મો. ૯૫૫૮૫૭૦૧૭૭

ઉમ્મીદ કેન્દ્ર ગાંધીનગર : (૨) સરકારી શાળા (છાપરાવાળી નિશાળ) આર્યસમાજની સામે, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર. મો. ૭૪૦૫૭૫૮૨૩૧

એડમિશન મેળવવાનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે

મોદીની સદભાવના અને સચ્ચાઈને કોર્ટની સ્વીકૃતિ

ઝાકીયા જાફરીની પ્રોટેસ્ટ પિટીશન રદ કરતા પ્રવક્તા મંત્રીઓનો પ્રતિભાવ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાત સરકારના પ્રવક્તા નાણામંત્રી નીતિન પટેલ અને ઉર્જા મંત્રી સૌરભ પટેલે ૨૦૦૨ના કોમી રમખાણોની જવાબદારી માટે રાજયના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે ગુનો નોંધવા માટે ઝાકીયા જાફરીએ કરેલી પ્રોટેસ્ટ પીટીશનને રદ કરનાર અમદાવાદની મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટના ચુકાદાને આવકારતા જણાવ્યું છે કે નરેન્દ્ર મોદીને ન્યાયપાલિકાએ બધી જ ન્યાયિક પ્રક્રિયા સંપન્ન કરીને, કોમી રમખાણો માટે જવાબદાર ગણ્યા નથી અને સર્વોચ્ચ અદાલતની સીધી દેખરેખ હેઠળ તપાસ સંપૂર્ણ કરનારી સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમએ આપેલા તપાસ બંધ કરવાના ક્લોઝર રિપોર્ટને માન્ય રાખ્યો છે. આ ન્યાયિક ચુકાદાએ પૂરવાર કર્યું છે કે મુખ્યમંત્રી સામેના એકપણ આક્ષેપને ન્યાયપાલિકાએ સ્વીકાર્યો નથી. રાજય સરકાર ન્યાયતંત્રના આજના આ ન્યાયિક ફેંસલાને આવકારે છે એમ પ્રવક્તા મંત્રીઓએ જણાવ્યું હતું. કોમી રમખાણોમાં જવાબદાર ઠેરવવા મુખ્યમંત્રી અને ગુજરાતને બદનામ કરી રહેલા તત્વો સામે નવ-નવ વર્ષ સુધી સત્ય અને ન્યાય માટેનો સંઘર્ષ કરી રહેલા નરેન્દ્ર મોદીની સચ્ચાઈ અને સદભાવનાની ભુમિકાએ સંપૂર્ણપણે ન્યાયપાલિકાએ સ્વીકૃતિ આપી છે. પ્રવક્તા મંત્રીઓએ સને ૨૦૦૨ના કોમી રમખાણો સંબંધમાં સર્વોચ્ચ અદાલતની નિગરાની હેઠળ શીટની સર્વગ્રાહી તપાસના ક્લોઝર રિપોર્ટની ભુમિકા સાથે જણાવ્યું કે તા. ૨૭ ફેબ્રુઆરી ૨૦૦૨ના ગોધરા રેલ્વે સ્ટેશન સાબરમતી એક્સપ્રેસ ટ્રેનમાં નિર્દોષ બાળકો, પુરૂષો, સ્ત્રીઓ સહિત ૫૯ કારસેવકોને જીવતા સળગાવી દેવાની અમાનુષી આતંકવાદી ઘટનાને પગલે ગુજરાતમાં રમખાણો થયા હતા. રાજયમાં કેટલીક જગ્યાએ થયેલા તોફાનોમાં જાનમાલ અને મિલકતને નુકશાન થવા સાથે લોકોના મૃત્યુ પણ થયા હતા. આ તોફાનોની તપાસ સંદર્ભ રાજય સરકાર દ્વારા એક તપાસપંચની ત્વરાએ રચના કરવામાં આવી હતી. આ તપાસપંચ તોફાનોની ઘટનાના સંજોગો, રાજય સરકારના તંત્રની ભુમિકા અને સુધારાત્મક માર્ગદર્શન પગલાંઓ માટે સર્વોચ્ચ

● અનુસંધાન પાન-૭ પર

વડનગરા નાગરનું બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **મુનીકુમાર દેસાઈ**નું તા. ૨૫ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ દેહાવસાન થયેલ છે. **સદ્‌ગતશ્રીનું બેસણું શુક્રવાર તા. ૨૭ ડિસેમ્બર, ૨૦૧૩ના રોજ સાંજના ૪-૦૦ થી ૬-૦૦ કલાક** વચ્ચે નીચેના સરનામે રાખેલ છે.

૧૨, તેજસ સોસાયટી, કોમન પ્લોટ, સેક્ટર-૨૩, ગાંધીનગર

નિખિલેશ દેસાઈ (મો. ૯૮૯૮૨ ૯૪૪૦૦) **પરેશ દેસાઈ** (મો. ૯૯૭૮૪૪૧૯૪૭)

બેસણું

સ્વ. જિગીષાબેન જગદીશચંદ્ર દિનકરરાય રાવલનું અવસાન તા. ૧૮/૧૨/૨૦૧૩ને બુધવારે થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૧૨/૨૦૧૩ને શુક્રવારે સવારે ૧૦-૦૦ થી ૧૬-૦૦ સુધી** રાખેલ છે.

સ્થળ : ૨૦, ગજાનંદ સોસાયટી, સ્વામિનારાયણ સોસાયટી પાછળ એપ્રોચ રોડ, પ્રાંતિજ જી. સાબરકાંઠા

રાવલ દિનકરરાય ગોબરદાસ
રાવલ અરવિંદકુમાર દિનકરરાય
રાવલ જગદીશચંદ્ર દિનકરરાય
રાવલ સુમનચંદ્ર દિનકરરાય
રાવલ તપેન્દ્રકુમાર મંગળદાસ

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૬
રજનીભાઈ શાહ મો. ૮૮૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (સંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪

દિવાની ટાઈલ્સ

રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફ્રીઈંગ કરી આપવામાં આવશે

જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre) Gandhinagar District

VINAYAK 500 — TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! — CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ફ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૭૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com